## જન્મદિને વધામણી



યશ ઉપાધ્યાય
મો. : ૯૮૨૪૪૮૭૭૧૧


પ્રા. રમેશભાઈ પટેલ
સંયોજક મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરા
મો. ૯૪૨૮૨૧૭૬૮૨


મિલાપ ટાટરીયા


ઠાકર દક્ષાબેન સતીશકુમાર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬


સ્મિત સોલંકી


પ્રથમ સંજયકુમાર દરજી


અનવરભાઈ કે દિવાન
મો. ૯૮૨૫૫ ૯૭૯૩૧


જીવણજી અમૃતજી ઠાકોર
મો. ૮૧૪૧૬ ૫૬૨૨૯


શૌર્ય શાહ
મો. ૮૨૦૦૧૮૬૪૦૧

# સેકટર-૨ સી બંધ મકાનમાંથી ૨.૮૦ લાખની મત્તાની ચોરી

ગાંધીનગર,તા.૩૧

શહેરના સેકટર-૨ સી ખાતે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ઘરમાંથી રૂ.૨.૮૦ લાખની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા છે. પરિવાર તહેવારોની રજાઓમાં દમણ ફરવા ગયો હતો. તે સમયે ચોર શખ્સો ઘરમાં ખાતર પાડી ગયા છે. ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ.૨.૮૦ લાખની મત્તાની ચોરી કરી નાસી ગયા છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર શખ્સોનો પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨ સી પ્લોટ નં.૮૧૩-૨ ખાતે રહેતા શૈલેષભાઈ રોય પોતાના પરિવાર સાથે રહે છે અને સિવિલ હોસ્પિટલમાં ઈંડા સપ્લાયની કામગીરી કરે છે. તહેવારની રજાઓને પગલે શૈલેષભાઈ પોતાના પરિવાર સાથે દમણ ખાતે ફરવા માટે ગયા હતા. તે સમય દરમિયાન તસ્કરોએ બંધ મકાનને ટાર્ગેટ કર્યું હતું. ઘરના મુખ્ય દરવાજાનું લોક તોડી અંદર પ્રવેશેલા તસ્કરોએ તિજોરીનું તાળુ તોડી ડ્રોવરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત વિવિધ ચીજવસ્તુઓની ચોરી કરી નાસી ગયા હતા. ઘરમાં રૂમમાં તમામ સામાન વેર-વિખેર હાલતમાં પડ્યો હતો. ગાંધીનગર ખાતે પરિવાર પરત ફર્યો હતો ત્યારે ચોરીની જાણ થઈ હતી. ઘરમાં તપાસ કરતા રૂ.૨.૮૦ લાખની ચોરી થઈ છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. પરંતુ સેકટર-૨ સી જેવા ભરચક વિસ્તારમાં ચોરી થતા વસાહતીઓમાં ડરનો માહોલ જોવા મળ્યો છે.



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આગલે દિવસે થેપલા, મુઠીયા, કચોરી, ભરેલા મરચા, ઢોકળા, પાણીપુરી અને પછીના દિવસે, રાજગરાની પુરી, બટાકાનો શીરો, બાસુંદી, સાબુદાણની ખીચડી એવું ખાધા પછી પેટમાં દુખ્યું છે ને...?? ચિંતા ન કર મનેય એવું જ થયું હતું...!!

## વાડોકાઈ કરાટેના શિક્ષકો માટે રીફ્રેશર કોર્ષ યોજાયો

વાડોકાઈ કરાટે-ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કરાટે કોચ માટે એક દિવસીય રીફ્રેશર કોર્ષનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૪ પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો. આ કોર્ષમાં વિષય નિષ્ણાંત તરીકે કરાટે-ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન અને ચીફ ટેકનિકલ ડિરેક્ટર શિહાન અરવિંદ રાણાએ શિક્ષકોને માર્ગદર્શન આપ્યુ હતુ. આ પ્રસંગે ગાંધીનગરના નિયામક અને ભારતના કુમિતે વિભાગના ચીફ ટેકનિકલ ડિરેક્ટર રેન્સી ગૌરાંગ રાણા ઉપસ્થિત રહ્યા હતા. અને ભાગ લેનાર શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## જિલ્લાના આઠ પીઆઈની આંતરીક બદલી કરાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જિલ્લાના આઠ પીઆઈની જાહેર હિતમાં બદલી કરવામાં આવી છે. જેમાં જિલ્લામાં મહત્વની ગણાતી જગ્યા એલસીબી અને એસઓજી પીઆઈની પણ બદલીમાં સમાવેશ કરાયો છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની બદલીના વાદળો મંડરાઈ રહ્યા છે. તેવા સમયે અચાનક પોલીસ વડા એ આઠ પીઆઈની જાહેરહિતમાં બદલી કરી દીધી છે. જેમાં એલસીબી-૧ પીઆઈ જે.જી વાઘેલાને એલઆઈબીમાં બદલી કરવામાં આવી છે. જયારે તેમના સ્થાને એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાને નિમણુંક આપવામાં આવી છે. જયારે એલસીબી-૨ ની ખાલી પડેલી જગ્યા પર અડાલજ પીઆઈ જે.એચ. સિંઘવનો મુકવામાં આવ્યા છે. જયારે તેમના સ્થાને એસઓજી પીઆઈ ડી.બી.વાળાને મુકવામાં આવ્યા છે. તો સેકટર-૭ પીઆઈ સચિન પવારને એસઓજીમાં નિમણુંક અપાઈ છે. એલઆઈબીમાં ફરજ બજાવતા ડી.એસ. ચૌધરીને સેકટર-૭ પીઆઈ તરીકે મુકવામાં આવ્યા છે. તો બીજીબાજુ કલોલ શહેર પોલીસ મથકના પીઆઈ ઓ.બી. મજગુલને કંટ્રોલરૂમ ખાતે ફરજ પર મુકવામાં આવ્યા છે. તેમની જગ્યા પર પીઆઈ જે.બી.પંડિતને નિમણુંક અપાઈ છે.

## શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે જાહેર પ્રવચન કાર્યક્રમનું આયોજન

શ્રી અરવિંદ તથા શ્રી માતાજીના સાહિત્યના ઊંડા અભ્યાસુ સાધક તથા ગુરુકુળ મહિલા મહા વિદ્યાલય પોરબંદરના નિવૃત્ત પ્રાધ્યાપક જ્યોતિબેન થાનકીનુ જાહેર પ્રવચન ગોઠવેલ છે. જેનો વિષય 'જીવન એક આનંદ ઉત્સવ' છે. તારીખ ૪ અને ૫ ના રોજ સાંજે ૬.૧૫ વાગ્યે સેક્ટર-૨૩ શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે આયોજન કરવામાં આવનાર છે. જેમાં સર્વેને પધારવા ડૉ. સી.કે. તન્ના (ચેરમેન)એ જાહેર આમંત્રણ આપ્યુ છે.

## શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજમાં નવા સભ્યોની બિનહરીફ વરણી

શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજની ૨૧-૨૬ સુધીના સમયગાળા માટે સલાહકાર અને છ સહકાર્યકરોની બીનહરીફ વરણી કરાઇ હતી. પંચાલ ચીમનભાઈ કે. (પ્રમુખ), પંચાલ રમેશભાઈ એચ. (ઉપ પ્રમુખ), પંચાલ મણીભાઈ એસ. (મંત્રી), પંચાલ કમલેશભાઈ કે. (ખજાનચી), પંચાલ હર્ષદભાઈ સી. (સહમંત્રી) સહિત નવા ટ્રસ્ટી મંડળના હોદ્દેદારોની નિમણૂંક કરાઈ હતી. ઉપેન્દ્રભાઈ સી. પંચાલ, ગણપતભાઈ એસ. પંચાલ, બીપીનભાઈ એચ. પંચાલ, મેહુલભાઈ પી. પંચાલ, વિનોદભાઈ ટી. પંચાલ, કલ્પેશભાઈ પી. પંચાલ, ઈશ્વરભાઈ ડી. પંચાલ, હસમુખભાઈ એચ. પંચાલ, મિહિરભાઈ જી. પંચાલ, છાયાબેન એચ. પંચાલ, હરજીવનભાઈ એચ. પંચાલ, પ્રફુલભાઈ એલ. પંચાલ, ભુપેન્દ્રભાઈ એન. પંચાલ, કનુભાઈ એચ. પંચાલ, શાંન્તીલાલ વી. પંચાલ, રમણલાલ પી. પંચાલ, કમલેશભાઈ બી. પંચાલ, મનોજભાઈ પંચાલ, નિરવભાઈ એમ. પંચાલ, પ્રફુલભાઈ આર. પંચાલ, કલ્પનાબેન વી. પંચાલ સહિત ટ્રસ્ટી મંડળની બીન હરીફ વરણી કરવામાં આવી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની વિકાસ શાખામાં નાયબ ચિટનીસ તરીકે ફરજો બજાવતા અશોકભાઈ વી. ઉપાધ્યાય આજે વયમર્યાદાને લીધે સેવા નિવૃત્ત થતાં તેમને ભાવભીની વિદાય આપવામાં આવી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- મનપાના મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે 'ગ' રોડ પર નિર્માણાધીન અન્ડરપાસની સાઈટની મુલાકાત લઈ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મનપા હવે જે સોસાયટીમાંથી સેગ્રીગેટેડ કચરો મળશે તેના રહીશોને બિરદાવતો પત્ર પાઠવશે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા સંગઠ્ઠનને લઈ વિવિધ વોર્ડમાં હોદ્દેદારોની નિયુક્તી કરી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ સહિત શહેર જિલ્લાના ૧૦ થી વધુ નેતાઓ પ્રદેશ કારોબારીની કેવડિયા ખાતેની પ્રદેશ કારોબારીની બેઠકમાં હાજરી આપવા જઈ રહ્યા છે.
- આજે દહેગામના પીપલજ ગામે વિપક્ષી નેતા પરેશ ધાનાણીની ઉપસ્થિતિમાં કોરોનાની મહામારીમાં અવસાન પામેલ દિવંગત આત્માઓને સ્મરાંજલિ આપવા ''સ્મરણસભા''નું આયોજન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગરમાં આજે વેધર વૉચ ગૃપની વર્ચ્યુઅલ બેઠક યોજવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે હળવા વરસાદી ઝાપટાને કારણે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ ગયા છે.

# ધોળાકુવા મેટ્રો રેલ પ્રોજેકટની ઓરડીમાં યુવકનો આપઘાત

ગાંધીનગર, તા.૩૧

ધોળાકુવા મેટ્રો રેલ પ્રોજેકટની રહેણાંક ઓરડીમાં ૨૫ વર્ષિય યુવકે કોઈ અગમ્ય કારણોસર ઓરડીમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લેતા ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા ધોળાકુવા ગામ પાસે મેટ્રો રેલની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. મેટ્રો પ્રોજેકટ દ્વારા કારીગરો તેમજ સિક્યુરીટી ગાર્ડ સહિતના વ્યકતિઓ માટે રહેણાંક માટે ઓરડીઓ બનાવાઈ છે. આ ઓરડીઓ પૈકીને એકમાં કલોલ પાસે સઈજ ગામના વતની કાનજીભાઈ રાવળ પોતાની પત્નિ તેમજ બાળકો સાથે વસવાટ કરે છે. જયારે કાનજી ભાઈ તેમજ તેમનો દિકરો ધર્મેશ મેટ્રો રેલ પ્રોજેકટ અંતર્ગત માર્શલ સિકયુરીટીમાં ગાર્ડ તરીકે ફરજ બજાવે છે.જયારે ધર્મેશ પોતાની પત્નિ સાથે ઓરડીમાં અલગ રહેતો હતો. થોડા સમય પહેલા ધર્મેશની પત્નિ બિમાર પડી હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. જયાં તેને ડેન્ગ્યુનું નિદાન થયું હોવાથી એડમીટ કરવામાં આવી હતી. ત્યારબાદ તે સ્વસ્થ થતા ગામડે રહેવા માટે ગઈ હતી. ગતરોજ ધર્મેશ તેની રૂમમાં સુઈ ગયો હતો અને તેના પિતા અને માતા બાજુની રૂમમાં સુઈ ગયા હતા. સમયસર ઉઠી જતો ધર્મેશ ઓરડીમાંથી બહાર ન આવતા તેના પિતાએ ઓરડીમાં તપાસ કરી હતી. જયાં ધર્મેશ દુપટ્ટા વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા કાનજીભાઈ રાવળ ત્યાં જ ઢળી પડ્યા હતા. તેઓએ હોહા કરતા આસપાસની ઓરડીમાં રહેતા નાગરીકો દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી. મૃતક યુવકનો મૃતદેહ પીએમ અર્થે મોકલી આપી કયાં કારણોસર યુવકે આ પગલુ ભર્યુ તેનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે.

# બોરીજ પાટીયા પાસે કારની અડફેટથી આધેડનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર બોરીજ પાટીયા પાસે પુરપાટ જતી વેગન-આર કારની અડફેટે આવી જતા આધેડનું ગંભીર ઈજાને પગલે મૃત્યું નિપજયુ હતું. આધેડ ઘરેથી શાકભાજી લેવા માટે નીકળ્યા હતા તે સમયે ઘટના બની હતી. જયારે અકસ્માતમાં આધેડના મૃત્યુના સમાચાર મળતા પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બોરીજ ઠાકોરવાસ ખાતે મુકેશભાઈ ઠાકોર તેમના પત્નિ સોનલબેન, દિકરો કિશન અને પિતા દશરથભાઈ બેચરજી ઠાકોર અને માતા ચંપાબેન છે. મુકેશ ઠાકોર સીએમ હાઉસ ખાતે કરાર આધારીત ઓફિસ વર્ક તરીકે ફરજ બજાવે છે. ગતરોજ રાત્રીના આઠ વાગ્યાના અરસામાં મુકેશભાઈના ૫૦ વર્ષિય પિતા દશરથભાઈ સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે શાકભાજી લેવા માટે ઘરેથી નીકળ્યા હતા.ત્યારે ગણતરીની મિનીટોમાં જ મુકેશભાઈના ફોન પર તેમના પરિચિત હંસાબેન નો ફોન આવ્યો હતો અને તેઓએ કહ્યુ હતુ કે તમારા પિતાજીનો બોરીજ જૈન દેરાસર પાસે માર્ગ પર કારને ટક્કરે અકસ્માત થયો છે. જેથી પરિવારના સભ્યો તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયા હતા. જયાં તેમના પિતાને માથાના ભાગે ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ મૃત્યુ થયાનું જાણવા મળ્યું હતું. વેગન-આર નં. જી.જે.૦૧. એચ.કે.-૨૭૦૮ ના ચાલકે પોતાની કાર ગફલતભરી રીતે હંકારી તેમના પિતાને ટક્કર મારી નાસી ગયો હતો તેવી જાણ મુકેશભાઈને થઈ હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલોડા રામધૂનની રમઝટથી મેઘરાજા મહેરબાન

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારના ચિલોડા પંથકમાં અષાઢ-શ્રાવણના વરસાદી સિઝનમાં મેઘરાજાના લાંબા રિસામણાં બાદ ખરીફ પાક સુકાતાં ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા. ચિલોડા પંથકમાં મગફળી અને ડાંગરમાં વરસાદની અછતને લીધે ઊધઈ અને ડોળના આક્રમણથી પાકને નુકસાન થતાં ખેડૂતમાં ચિંતા જન્મી હતી. ખરીફ પાકોમાં મોંઘાદાટ બિયારણ અને અન્ય ખર્ચ કરવા છતાં વરસાદની ખેંચથી પાક ઉત્પાદનની ગુણવત્તા અને ઉત્પાદનમાં મહદંઅંશે ઘટાડો થવાના એંધાણોથી ખરીફ સિજન નિષ્ફળ જવાથી ખેડૂતોની આવકમાં ઘટાડો થવાના સંકેતો સાંપડી રહ્યા છે. એક સાંધતા તેર તૂટે તેવી સ્થિતિથી જીવન નિર્વાહ વિતાવવાના કપરા સંજોગો સર્જાયા છે. ત્યારે ચિલોડા પંથકમાં યુવામંડળ, મહિલા મંડળ તથા ગ્રામજનો દ્વારા વરસાદના રિસામણાંને વધામણાં કરવા પરંપરા મુજબ રામજી મંદિરમાં રવિવારના રોજ ૯.૩૦ વાગે રામધૂનનુ આયોજન કરવામાં આવ્યું હતું. રામધૂનની ૨૪ કલાકની રમઝમટમાં સર્વે ભક્તજનોએ ઉત્સાહભેર ભાગ લઈ વરૂણદેવની પ્રાર્થના સાથે અરજ કરી હતી. ત્યારે સોમવારે સાંજે ૫ વાગે મેઘરાજા મહેરબાન થતાં ખેડૂતોમાં હાશકારો અનુભવ્યો હતો. હવે મેઘરાજા હજુ મન મુકીને વરસે તેવી આશા સેવી રહ્યા છે.

